...(HTAT) સંઘ

# બંધારણ

(૧) નામ:– આ સંઘનું નામ

" ગુજરાત રાજ્ય મુખ્ય શિક્ષક (HTAT) સંઘ" રહેશે.

(૨) કાર્યક્ષેત્રનો વિસ્તાર :–

આ સંઘનું કાર્યક્ષેત્ર ગુજરાત રાજ્યમાં આવેલી તમામ જિલ્લા શિક્ષણ સમિતિ (જિલ્લા પંચાયત) તથા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ (નગરપાલીકા તથા મહાનગરપાલીકા)ના મુખ્ય શિક્ષક (HTAT) નેજ લાગુ પડશે.

(૩) કાર્યાલય :–

હાલ પુરતું ..................... શહેર ખાતે કાર્યાલય રાખવામાં આવશે. સંઘના સભ્યોને જરૂર જણાતાં તેને પોતાના કાર્યક્ષેત્રના વિસ્તારમાંની બીજા કોઈ જગ્યાએ લઈ જઈ શકાશે.

(૪) ઉદ્દેશ અને હેતુઓ:–

આ સંઘના ઉદ્દેશો, હેતુઓ અને તેને ચલાવવાની કાર્યપધ્ધતિ નીચે મુજબની રહેશે.

- પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા તથા RTE-2009ની અમલવારીમાં હકારાત્મક સહયોગ આપશે.
- પ્રાથમિક શાળાઓમાં વહીવટી સરળતા માટે અદ્યતન ટેકનોલોજીની ઉપલબ્ધતા માટે પ્રયાસો કરશે.
- મુખ્યશિક્ષકોને નાણાંકીય, વહીવટી તેમજ સામાજિક લાભો પ્રાપ્ત થાય તે દિશામાં પ્રયાસો કરશે.
- ગુજરાત રાજ્યના પ્રાથમિક શિક્ષણને અસરકારક બનાવવા તમામ સઘન પ્રયાસો કરશે.
- સંઘ એક સોશીયલમીડીયા તથા ઈન્ટરનેટના માધ્યમથી સભ્યોને તમામ શિક્ષણ ઉપયોગી માહિતી ઉપલબ્ધ કરાવશે તથા શિક્ષણમાં નવતર પ્રયોગો રજૂ કરશે.
- સંઘ સંસ્થાના વિવિધ શૈક્ષણિક સમાચારો, શ્રેષ્ઠ પ્રવૃત્તિઓ, શિક્ષણોપયોગી અહેવાલો, ઈનોવેટીવ કાર્યો વગેરે પ્રકાશિત થશે.
- સંઘ વર્ષ દરમ્યાન શ્રેષ્ઠ કામગીરી બજાવનાર રાજ્યના શ્રેષ્ઠ મુખ્યશિક્ષકોનું સન્માન કરશે.

- ગુજરાત રાજ્યના તમામ મુખ્યશિક્ષકોમાં પરસ્પર ભ્રાતૃભાવ અને પરસ્પર સંઘ ભાવના વધે તેવા પ્રયાસો કરશે.
- પ્રાથમિક કેળવણીને સઘન બનાવવા માટે રાષ્ટ્રીયકક્ષાએ મફત અને ફરજિયાત કેળવણીને માટે રાજ્યકક્ષાએ પોતાનો સહયોગ આપશે.
- કેળવણી વિષયક શિક્ષણને અનુલક્ષીને પત્રપ્રકાશન, શિક્ષણ સંમેલન, પ્રદર્શન અને તાલીમ શિબિર યોજી સમાજમાં અને સરકારમાં ઉચ્ચ દરજ્જો પ્રાપ્ત કરવા પ્રયત્નો કરશે.
- જિલ્લા શિક્ષણ સમિતિ (જિલ્લા પંચાયત) તથા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ (નગરપાલીકા તથા મહાનગરપાલીકા)ના મુખ્ય શિક્ષકોના હકોનું રક્ષણ કરવા સક્રિય પ્રયત્નો કરશે.

**(૫) સભાસદોનો પ્રવેશઃ-**

ગુજરાત રાજ્યની કોઈપણ પ્રાથમિક શાળામાં મુખ્યશિક્ષક(HTAT) તરીકે વર્ગ–૩ની મંજુર થયેલી જગ્યા પર નિમણૂંક મેળવીને ફરજ બજાવતા કર્મચારીઓ નિયત વાર્ષિક સભ્યફી ભરીને સામાન્ય સભ્ય તરીકે પ્રવેશ મેળવી શકશે.

આ સભ્યશ્રીઓ જેતે જિલ્લા / કોર્પોરેશનના પ્રાથમિક શિક્ષક સંઘના સભ્ય તરીકે જોડાઈ શકશે, ભવિષ્યમાં આ સંઘ સાથે સંકલનમાં રહીને કામગીરી કરી શકશે.

**(૬) સભ્યોનું રજીસ્ટરઃ-**

સંઘનો કોઈપણ સભ્ય અથવા અધિકારી રજાના દિવસો સિવાયના કોઈપણ ચાલુ દિવસોએ સંઘની કચેરી ખુલ્લી હોય તે સમય દરમિયાન મુખ્ય કચેરીએ રજિસ્ટર જોઈ શકશે.

**(૭) દંડ અને જપ્તી :-**

સંચાલન સમિતિની પરવાનગી લઈને છ મહીના સુધી અથવા સદરહું સમિતિની પરવાનગી લીધા વીના ત્રણ મહિના સુધી પોતાની સભ્ય ફી ન ભરનાર કોઈ સભ્ય સંઘનો સભ્ય હોતો બંધ થશે, પણ તેની પાસેથી લેણી નીકળતી રકમ ભર્યેથી સંઘમાં ફરી જોડાવાને હકકદાર થશે.

**(૮) સામાન્ય સભાઃ-**

સંઘનુ સામાન્ય અધિવેશન દર બે વર્ષે ભરાશે. સંઘ સાથે જોડાયેલા તમામ મુખ્યશિક્ષકો(HTAT) જે તે વર્ષમાં નોંધાયેલા સભ્ય હશે તેજ સભાસદ મુખ્યશિક્ષકો અધિવેશનમાં ભળી શકશે અને મત (અભિપ્રાય / પોતાનો વિચાર) પણ આપી શકશે.

## (૧૦) કાર્યવાહક સમિતિઃ–

ગુજરાત રાજ્યના કાર્યરત જિલ્લા તથા મહાનગરપાલિકા દીઠ કુલ ૫(પાંચ) પ્રતિનિધિઓનો કાર્યવાહક સમિતિમાં સમાવેશ કરવામાં આવશે. જેમાં હોદ્દાનીરૂએ ઘટક સંઘના પ્રમુખ અને મહામંત્રીનો સમાવેશ થશે. જ્યારે અન્ય ત્રણ પ્રતિનિધિઓ ઘટક સંઘની સામાન્ય સભામાંથી નક્કી થઈને આવશે.

## (૧૧) સંચાલન સમિતિઃ–

ગુજરાત રાજ્યના કાર્યરત જિલ્લા તથા મહાનગરપાલિકા દીઠ કુલ ૧(એક) પ્રતિનિધિનો સંચાલન સમિતિમાં સમાવેશ કરવામાં આવશે. આ સંચાલન સમિતિ કાર્યવાહક સમિતિએ લીધેલા તમામ નિર્ણયોના અમલીકરણની કામગીરી હાથ ધરશે.

## (૧૨) હોદ્દેદારોઃ–

આ સંઘમાં નીચેના હોદ્દેદારોની વરણી કરવામાં આવશે.

- પ્રમુખ–૧
- ઉપપ્રમુખ–૩
- મહામંત્રી–૧
- સહમંત્રી–૩
- સંગઠનમંત્રી–૨
- કોષાધ્યક્ષ–૧
- ઓડીટર–૧
- કાર્યાલયમંત્રી–૧

(અ) ઘટક સંઘોમાંથી આવેલા પ્રતિનિધિઓમાંથી ઉપરોક્ત હોદ્દેદારોની બે વર્ષની મુદત માટે વરણી કરવામાં આવશે.

(બ) જે ઝોનના પ્રમુખ બનશે તે સિવાયના દરેક ઝોનને ઉપપ્રમુખપદ આપવામાં આવશે.

(ક) જે ઝોનના મહામંત્રી બનશે તે સિવાયના ઝોનને સહમંત્રીપદ આપવામાં આવશે.

(ડ) આ સિવાયના હોદ્દેદારો દરેક ઝોન વચ્ચે સમાનતાના ધોરણે ફાળવવામાં આવશે.

ઉપરોક્ત હોદ્દેદારોની વરણી માટે જો સર્વાનુમત ન થાય અને ચુંટણી પ્રક્રિયા હાથ ધરવાની થાય તો કાર્યવાહક સમિતિના તમામ સભ્યો પૈકી હાજર રહેલા સભ્યો પ્રત્યક્ષ કે પરોક્ષ મતદાન પધ્ધતિથી મતદાન કરી હોદ્દેદારોની વરણી પ્રક્રિયા કરી શકશે.

**(૧૩) સામાન્ય સભાનો અધિકાર અને કાર્યક્ષેત્ર નીચે પ્રમાણે રહેશે.**

સંઘની સામાન્ય સભા દર બે વર્ષે અધિવેશનના રૂપે બોલાવવામાં આવશે અને તેમાં નીચે પ્રમાણે કાર્યો કરવામાં આવશે.

(અ) પાછલા અધિવેશનથી નવા ભરાના અધિવેશન સુધીના કામકાજનો અહેવાલ મંજૂર કરવો તેમજ નાણાંકીય હિસાબોને બહાલી આપવી.

(બ) કાર્યવાહક અને વિષય વિચારણા સમિતિની ભલામણ સાથે આવેલા ઠરાવો ઉપર વિચારણા કરી નિર્ણય કરવો.

**(૧૪) કાર્યવાહક સમિતિના અધિકાર અને ફરજ:–**

(અ) સંઘના ઉદ્દેશોને બર લાવવા માટે વખતોવખત જે કંઈ કાર્ય કરવું પડે તે બંધારણની હદમાં રહીને કરવું.

(બ) સંઘના આવક–ખર્ચના વાર્ષિક અંદાજપત્રો તૈયાર કરવા.

(ક) કારોબારી સમિતિની બેઠક વર્ષમાં ઓછામાં ઓછી એક વખત બોલાવવી.

**(૧૫) સંચાલન સમિતિના અધિકાર અને ફરજ:–**

(અ) સંઘના ઉદ્દેશોને બર લાવવા માટે વખતોવખત જે કંઈ કાર્ય કરવું પડે તે બંધારણની હદમાં રહીને કરવું.

(બ) સંઘના આવક–ખર્ચના વાર્ષિક અંદાજપત્રોની સમીક્ષા કરશે.

(ક) કારોબારી સમિતિની બેઠક વર્ષમાં ઓછામાં ઓછી ત્રણ વખત બોલાવવી.

**(૧૬) સંઘના હેતુપૂર્તિઅર્થેની વિવિધ કમિટિઓ:–**

આ સંઘના હેતુમુજબની પ્રવૃત્તિઓ કરવા અર્થે વિવિધ કમિટિઓની રચના કારોબારી સમિતિ વખતોવખત ઠરાવે તે મુજબની કરી શકાશે આવી કમિટિના સભ્યપદ, કમિટિની મુદત, કમિટિના હોદાઓ, કમિટિના અધિકારો અને ફરજો કારોબારી સમિતિ વખતોવખત ઠરાવે તે મુજબના રહેશે. આવી કમિટિઓમાં કારોબારી સમિતિ બહુમતી દ્વારા ગમે ત્યારે ફેરફાર કરી શકાશે કે કમિટિ રદ કરી નવી કમિટિ રચી શકાશે. આવી કમિટિઓને કારોબારી સમિતિ દ્વારા સોંપાયેલ કામગીરી કરવાની રહેશે અને તેનો અહેવાલ કારોબારી સમક્ષ રજૂ કરવાનો રહેશે.

- રીક્વીઝીશનથી બોલાવેલી સભા માટે કારોબારી સમિતિના ૧/૫ જેટલા સભ્યોની સહી આવશ્યક ગણાશે. આવી સભા આઠ દિવસમાં બોલાવશે. પરંતુ જો પ્રમુખ દિન આઠમાં રીક્વીઝીશન સભા ન બોલાવે તો જે સભ્યો રીક્વીઝીશન સભા બોલાવી હોય તેઓ કાર્યવાહક સમિતિની સભા ફક્ત તે જ કામ માટે બોલાવશે અને તેમાં જે કોરમથી આ બંધારણના ઉદ્દેશો બર લાવતાં કાર્યો થાય તે સમગ્ર સંઘને બંધનકર્તા ગણાશે.

## (૨૩) નિયમોમાં સુધારાઃ-

- સંઘના બંધારણમાં નક્કી થયેલા નિયમોમાં ફેરફાર માટે સામાન્ય સભા અગાઉ આવેલી દરખાસ્તોને સામાન્ય સભામાં હાજર રહેલા સભ્ય પૈકી ૨/૩ સભ્યોની સર્વસંમતીથી નિયમોમાં સુધારા વધારા કરી શકાશે.

## (૨૪) ઘટક સંઘો અને રાજ્ય સંઘ વચ્ચે સંકલનઃ-

- જે જિલ્લા / કોર્પોરેશનમાં ૨૦ કે તેથી વધુ મુખ્યશિક્ષક (HTAT) તે જિલ્લા / કોર્પોરેશન ઘટક સંઘ બનાવી શકશે.
- જે તાલુકા / નગરપાલીકામાં દશ કે તેથી વધુ મુખ્યશિક્ષક (HTAT) હશે તે તાલુકો ઘટક સંઘ બનાવી શકશે.
- જિલ્લા સંઘ અને તાલુકા સંઘ પોતાનું બંધારણ બનાવી શકશે.
- દરેક જિલ્લા / કોર્પોરેશન સંઘમાં સામાન્ય રીતે ૧૧ થી ૩૧ સભ્યોની કાર્યવાહક સમિતિ બનાવવી.
- દરેક તાલુકા / નગરપાલીકા સંઘમાં સામાન્ય રીતે ૫ થી ૧૫ સભ્યોની કાર્યવાહક સમિતિ બનાવવી.
- દરેક જિલ્લા / કોર્પોરેશનના ઘટક સંઘે રાજ્ય સંઘને વાર્ષિક સભ્ય ફીની ૫૦% રકમ જમા કરાવવાની રહેશે.

## ૨૫) વિસર્જનઃ-

- સંઘ વિસર્જન માટે બોલાવેલી સામાન્ય સભામાં હાજર રહેલા સભ્યોના ૩/૪ સભ્યોના વધુ મત સિવાય સંઘને વિસર્જન કરી શકશે નહી.
- સંઘના ફંડમાંથી સંઘની સઘળી જવાબદારીઓ અદા કર્યા પછી વિસર્જન સભામાં નક્કી થયા પ્રમાણે ફંડનો નિકાલ કરવો.